ગાંધીનગર સમાચાર





સંજય જોષી ગાંધીનગરમાં - દેશના રાજકારણમાં છેલ્લા બે વર્ષથી વિવાદમાં રહેતા ભાજપના વરિષ્ઠ નેતા સંજય જોષી સોમવારે સવારે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની ઔપચારિક મુલાકાતે આવતા રાજકીય ક્ષેત્રમાં ભારે ચર્ચા જાગી હતી... મુલાકાત બાદ સંજય જોષીએ પત્રકારો સાથે વાત કરતા કહ્યું હતું કે, અમારી મુલાકાત માત્ર શુભેચ્છા મુલાકાત જ છે... જોકે રાજકીય ક્ષેત્રે અવનવી અટકળો કરવામાં આવી રહી છે...

# જિલ્લા કોંગ્રેસની જુથબંધી પરાકાષ્ટાએ

## પ્રમુખપદ માટે કોંગ્રેસના બે ઉમેદવારો વચ્ચે અને ઉપપ્રમુખ પદ માટે ભાજપ-કોંગ્રેસ વચ્ચે આજે જંગ : કોંગ્રેસના બળવાખોરોમાં અવગણનાની તીવ્ર લાગણી : ભાજપે છેલ્લી ક્ષણોમાં પ્રમુખપદની ઉમેદવારી પાછી ખેંચી : ૧૨.૫૦ થી ૧.૪૫ના ગાળામાં જ બધી ઉમેદવારી નોંધાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે કોંગ્રેસના બે ઉમેદવારોએ પ્રમુખપદ માટે તો ઉપ્રમુખ પદ માટે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારી પત્રો ભરાતાં મંગળવારની સામાન્ય સભામાં ચૂંટણી અનિવાર્ય બની છે.

૧૨.૫૦ થી ૧.૪૫ના સમયગાળામાં જ જિલ્લાના રાજકારણમાં જૂથબંધીની ચરમસીમા જોવા મળી હતી. ૧૨.૫૦ મિનિટે કોંગ્રેસના મેન્ડેટ સાથે શ્રી રામાજી ઠાકોરે ઉમેદવારી નોંધાવી હતી. તો કોંગ્રેસ પક્ષની નેતાગીરી સામે રણશિંગુ ફૂંકતાં કોંગ્રેસના શ્રી અરવિંદસિંહ સોલંકીએ પ્રમુખપદ માટે ઉમેદવારી નોંધાવી હતી અને ત્યાં જ જિલ્લાનું રાજકારણ ગરમાયુ હતુ.

આ પછી ૧.૩૦ કલાકે ૧.૦૫ મિનિટે કોંગ્રેસમાંથી ઉપપ્રમુખ પદ માટે શ્રી ભરતભાઈ બી. પટેલે ઉમેદવારી નોંધાવી હતી.

૧.૧૦ થી ૧.૧૫ની વચ્ચે ભાજપના શ્રી અમરસિંહ ચૌહાણે પ્રમુખપદ અને ઉપપ્રમુખપદ માટે શ્રી જયેશ ચૌધરીએ ઉમેદવારી





● અનુસંધાન પાન-૭ પર

## આજે સાંજે ચાર વાગે પંચાયતની પ્રથમ બેઠક

### મ્યુનિ. કમિશનર જી.આર. ચૌધરીના અધ્યક્ષસ્થાને બેઠક મળશે : સમગ્ર બેઠકની વિડીયોગ્રાફી કરાશે તેમજ ચુસ્ત પોલીસ બંદોબસ્ત

ગાંધીનગર, તા. ૨૧

નવી રચાયેલ જિલ્લા પંચાયતની આજે મંગળવારે સાંજે ચાર વાગે પ્રથમ બેઠક મ્યુનિ. કમિશનરશ્રી જી.આર. ચૌધરીના અધ્યક્ષસ્થાને પંચાયતના સરદાર હોલમાં મળશે.

પંચાયતની આ પ્રથમ બેઠકમાં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ બેઠકમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ, અધિકારીઓ અને પત્રકારો સિવાય કોઈને પણ પ્રવેશ આપવામાં આવશે નહિ.

જિલ્લા પંચાયતની સમગ્ર બેઠકની વિડીયોગ્રાફી કરવામાં આવશે. પ્રથમ પ્રમુખપદની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને આ પછી તુરત જ ઉપપ્રમુખ પદની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે.

પ્રથમ બેઠક હોવાથી તેમજ ચૂંટણી પ્રક્રિયાને કારણે પંચાયતમાં સખ્ત પોલીસ બંદોબસ્ત પણ લગાવવામાં આવશે. જેને પગલે સત્તાવાર ઓળખપત્ર સિવાય અન્ય કોઈને પ્રવેશ અપાશે નહિ.

જિલ્લા પંચાયતની પ્રથમ બેઠકને લઈ તંત્રએ આજે તેની સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે.

સામાન્ય સભાને લઈ સમગ્ર જિલ્લામાં રાજકીય માહોલ ગરમાયો છે. પ્રમુખપદ માટે કોંગ્રેસના જ બે ઉમેદવારો વચ્ચે અને ઉપપ્રમુખ પદ માટે ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોને લઈ મતદાન યોજાશે.

# સે-૨૪માં દબાણના મુદ્દે લડત આપવા રહીશો આજે નીતિ નક્કી કરશે

## સેક્ટરના વેપારીઓ તેમજ રહીશો અંબાજી મંદીરના ચોકમાં એકત્રિત થશે : સેક્ટરની દુકાનો પણ બપોર સુધી બંધ રહેશે

ગાંધીનગર તા ૨૧

સેક્ટર-૨૪ માં ગેરકાયદેસર બાંધકામ દુર કરવા માટે છેલ્લા ત્રણ દિવસથી હાઉસીંગના અધિકારીઓની ટીમ દ્વારા બાંધકામને પટ્ટા મારવાનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. દબાણો દુર કરવાની આ હીલચાલના લીધે સ્થાનિક રહીશો આગ બબુલા બન્યા છે. જેના અનુસંધાને આજે સેક્ટરના વેપારીઓ તેમજ સ્થાનિક રહીશો દ્વારા હરસિધ્ધ નગરના અંબાજી મંદીરના ચોકમાં સવારે ૧૦ કલાકે બેઠક યોજવામાં આવશે. આ દરમિયાન આ મામલે લડત આપવાની રણનીતી નક્કી કરવામાં આવશે.જયારે આજે સેકટરમાં બપોર સુધી વેપારીઓ દુકાનો પણ બંધ રાખશે.

સેક્ટર-૨૪માં વધતા દબાણોને અનુલક્ષી હાઉસીંગના અધિકારીઓની ટીમ દ્વારા છેલ્લા ત્રણ દિવસથી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. નકશા સાથે સેકટરના મકાનોમાં ગેરકાયદેસર થયેલા બાંધકામને ધ્યાને લઈ ટીમ દ્વારા માર્કીંગ કરવામાં આવી રહયુ છે. જેના લીધે સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. દબાણોના મામલે તંત્ર હરકતમાં આવતા સ્થાનિક રહીશો આગ બબુલા બન્યા છે. આજે પણ શ્રીનગર સોસાયટીમાં અધિકારીઓની ટીમ દ્વારા મકાનોને માર્કીંગ કરવામાં આવ્યુ હતુ.આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ સ્થાનિક વેપારીઓ તેમજ રહીશો દ્વારા આ મામલે લડત આપવા માટે નવી નીતિ નક્કી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સેકટરના વેપારીઓ દ્વારા તંત્રની આ હરકત સામે લડત આપવા આજે સેકટરમાં હરસિધ્ધ નગર અંબાજી ચોક ખાતે બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ છે.

સવારે ૧૦ કલાકે ચોકમાં ૧ હજાર જેટલા વેપારીઓ એકત્રિત થશે. આ દરમિયાન તંત્રની હરકત સામે લડત અપનાવાની નવી નિતિ નક્કી કરાશે.જેના પગલે આજે સે-૨૪માં વેપારીઓ પોતાની દુકાનો પણ બપોર સુધી બંધ રાખશે તેમ પણ જાણવા મળ્યુ છે. સે-૨૪માં છેલ્લા એક વર્ષમાં વિકાસના વિવિધ કામોને વેગ મળ્યો છે. ત્યારે દબાણનો મુદ્દો વિવાદાસ્પદ બનવાના એંધાણ વર્તાઈ રહયા છે.

# પંચાયતમાં પ્રમુખપદ માટે ત્રીજીવાર બળવો

## એક પ્રમુખે જિલ્લાના નેતૃત્વ સામે ચાલુ ટર્મમાં જ બળવો કરી પક્ષને રામ રામ કર્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રમુખપદના સ્થાનને લઈ બળવો થતાં આખો દિવસ જિલ્લા કોંગ્રેસના નેતાઓ દોડધામ અને બેઠકોના દોર વ્યસ્ત રહ્યા હતા.

જિલ્લા પંચાયતમાં પ્રમુખપદના સ્થાનને લઈ ત્રીજીવાર જિલ્લા કોંગ્રેસમાં બળવાની સ્થિતિ ઉભી થઈ છે. પહેલાં હરિભાઈ ચૌધરી પ્રમુખ બન્યા ત્યારે આવી સ્થિતિ ઉભી થઈ હતી પરંતુ પાછળથી સમજાવટને પગલે મામલો થાળે પડી ગયો હતો અને કોંગ્રેસે ખુબજ સારૂ શાસન આપ્યુ હતુ.

આ પછી ગઈ વખતની ટર્મમાં કોંગ્રેસમાં બે વખત બળવો કરવામાં આવ્યો હતો. પ્રથમ વખત પ્રમુખપદને લઈ શ્રીમતિ મંગીબેન પટેલ સામે શ્રીમતિ ઉષાબેન પટેલે ઉમેદવારી નોંધાવી હતી અને સામાન્ય સભા શરૂ થાય તે પૂર્વે જ મારામારીના દશ્યો વચ્ચે મંગીબેન પટેલે પ્રમુખપદ સંભાળ્યુ હતુ. પાછળથી આ બન્ને મહિલા સદસ્યો ભાજપમાં જોડાઈ હતી.

આ વખતે કોંગ્રેસ પક્ષમાં પક્ષે રામાજી ઠાકોરની પસંદગી કરતાં સામે પક્ષે અરવિંદસિંહ સોલંકીએ બળવો પોકાર્યો છે.

કોંગ્રેસના નેતાઓએ ગઈકાલે મોડી રાત્રે રામાજી ઠાકોરના નામનો મેન્ડેટ આપ્યો હતો. પરંતુ આ વાત કોંગીના બહુમતિ સભ્યોને સ્વીકાર્ય નથી. આજે અરવિંદસિંહની ઉમેદવારી બાદ નિરીક્ષકો ગાંધીનગર દોડી આવ્યા છે પણ સાંજે ૭ વાગ્યા સુધી સમાધાન થયુ નથી.

આમ કોંગ્રેસમાં સતત ત્રીજીવાર બળવાની સ્થિતિ ઉભી થવા પામી છે. ગઈ ટર્મમાં ચાલુ પ્રમુખ શ્રીમતિ હિના પટેલે પણ નેતૃત્વ સામે બળવો કર્યો હતો પણ નેતાગીરીને હજુ સુધી જિલ્લામાં સમર્થ અને બધાને સાથે રાખી શકે તેવુ નેતૃત્વ ઉભુ કરવામાં નિષ્ફળ રહ્યાની વાતો આજે પંચાયતના ચોગાનમાં સતત ચર્ચાતી સાંભળવા મળી હતી.





વડીલોની ખેલકુદ - ખેલ મહાકુંભની ગાંધીનગર જિલ્લાની સિનિયર સિટીઝન્સ ટીમની પસંદગીની પ્રક્રિયા માટે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી... સેક્ટર-૧૬ માધ્યમિક શાળા ખાતે ગોળાફેંક, ભાલા ફેંક, ડીસ્ક-થ્રો, દોડની સ્પર્ધાઓ યોજાઈ હતી. ગાંધીનગર શહેરમાં વડીલોની સક્રિયતા દરેક ક્ષેત્રમાં આંખે ઉડીને વળગે છે... પછી સાંસ્કૃતિક હોય કે રમતગમત, સામાજીક હોય કે સાહિત્યિક... ગાંધીનગરનું સદભાગ્ય છે કે વડીલોની મૂડી ગૌરવરૂપ રહી છે અને રહેશે... (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે વર્ષની લાંબામાં લાંબી રાત, દિવસ સૌથી ટુંકો

ગાંધીનગર, તા. ૨૧

આવતીકાલે તા. ૨૨મી ડિસેમ્બરે આપણે વર્ષની લાંબામાં લાંબી રાત અને ટુંકામાં ટુંકા દિવસનો અનુભવ કરીશુ. આ અદ્‌ભુત ખગોળીય ઘટનાના આપણે સૌ સાક્ષી બનીશુ. આજે દિવસ માત્ર ૧૦.૪૦ કલાકનો અને રાત ૧૩.૨૦ કલાક જેટલી લાંબી રહેશે.

ભારતીય ઉપખંડના દેશો આવતીકાલે લાંબામાં લાંબી રાતનો અનુભવ કરશે. સૂર્ય દક્ષિણ ગોળાધર્માં પ્રકાશવાનુંશરૂ કરે છે. તે ૨૨મી ડિસેમ્બરે ચરમસીમાએ પહોંચે છે. આથી ભારતીય ઉપખંડમાં દર વર્ષે ૨૨મી ડિસેમ્બરે સૌથી લાંબી રાત અને ટુંકામાં ટુંકા દિવસનો અનુભવ થાય છે. ૨૩મી ડિસેમ્બરથી સૂર્ય ઉત્તર ગોળાર્ધમાં પ્રકાશવાનુ શરૂ કરતાં દિવસ મોટો થતો જશે. આકરી ઠંડીમાં ૨૨મી ડિસેમ્બરે દિવસનો ગાળો માત્ર ૧૦.૪૦ કલાકનો તથા રાત્ર ૧૩.૨૦ કલાક જેટલી લાંબી અનુભવાશે. સાયન પદ્ધતિ પ્રમાણે કહેવાય છે કે ૨૨મી ડિસેમ્બરે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરશે. જેને આપણે ઉત્તરાયણ કહીએ છીએ. આપણે ભલે ઉત્તરાયણ ૧૪મી જાન્યુઆરીએ ઉજવતા હોઈએ પરંતુ સાયન પદ્ધતિ મુજબ મકરસંક્રાંતિ આવતીકાલે ઉજવાશે. ૨૨મી ડિસેમ્બર બાદ ધીમે ધીમે દિવસનો સમયગાળો મોટો થતો જશે. ૨૧મી જૂને દિવસનો સમયગાળો સૌથી મોટો અને રાતનો સમયગાળો નાનો થશે.

**દિવસ અને રાતમાં વધઘટ**

૨૧મી માર્ચ - દિવસ-રાત એક સરખા
૨૧મી જૂન - દિવસ સૌથી મોટો, રાત સૌથી નાની
૨૦મી સપ્ટે. - દિવસ-રાત એક સરખા
૨૨મી ડિસે. - રાત લાંબી અને દિવસ ટુંકો

**દિવસ આજે ૧૦.૪૦ કલાકનો તથા રાત ૧૩.૨૦ કલાક જેટલી લાંબી રહેશે : તે પછી ધીમે ધીમે દિવસ મોટો થતો જશે**

# સ્વર્ણિમ પાર્કમાં સાઈકલ ટ્રેક તૈયાર

## ટુંકમાં રૂટ દર્શાવતા સાઈન બોર્ડ લગાવી દેવાશે : ગુડાના સાઈકલ શેરીંગ પ્રોજેકટને અનુલક્ષી ૧૦ હજારની એક તેવી ૧૫૦ સાઈકલ ખરીદાશે : વિવિધ ૧૦ ઠેકાણે સ્ટેન્ડ બનાવાશે : ટુંકમાં સાઈકલના ભાડાનો દર પણ નિયત કરી દેવાશે

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં સાઈકલ શેરિંગ પ્રોજેકટ અમલી બનાવવા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. નગરના હાર્દસમા વિસ્તાર સ્વર્ણિમ પાર્કમાં પણ સાઈકલ ટ્રેક તૈયાર કરી દેવામાં આવ્યો છે.નગરના અન્ય સ્ટેન્ડની સાથે ચ-૪થી ઘ-૪ ના વિસ્તારમાં સાઈકલ ટ્રેક એકટીવ કરવામાં આવશે. ગુડા દ્વારા સાઈકલ ટ્રેકને અનુલક્ષી શહેરમાં વિવિધ ૧૦ સ્થળોએ સ્ટેન્ડ બનાવવામાં આવશે. જયારે ૧૦હજારની એક તેવી ૧૫૦ સાઈકલો ખરીદવામાં આવશે. આગામી દિવસોમાં સાઈકલના ભાડાના દર પણ નક્કી કરી દેવાશે.

ગ્રીન સીટીમાં સાઈકલ શેરીંગ પ્રોજેકટને અમલી બનાવવા લાંબા સમયથી વિચારણા હાથ ધરવામાં આવી હતી. આખરે આ મામલે ગુડા દ્વારા આખરી આયોજન કરી દેવાતા ટુંકમાં શહેરી વિસ્તારમાં વૈભવી કારની સાથે નગરજનોને તંદુરસ્ત અને પ્રદુષણમુકત રાખતી સાઈકલની સવારી પણ નસીબ થશે. સાઈકલ શેરીંગ પ્રોજેકટને લીધે શહેરીજનોમાં સાઈકલની સવારી કરવાનો નવો ટ્રેન્ડ કેળવાશે. શહેરના હાર્દસમા વિસ્તાર સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓ માટે અનેક નતનવા આકર્ષણો ઉભા

● અનુસંધાન પાન-૭ પર

VOLUNTEER Needed in LONDON MATAJI TEMPLE
Exciting opportunity to Visit London 1 or 2 year
All expenses PAID, Full board.
Send your photograph, passport copy and CV.
Write a short note as to why you are suitable for this opportunity and how you will be helpful.
Email : jasmaicha@gmail.com
+44 7882253540
www.marajitemple.com

Campus Maintanance in charge
ITI Diploma - Mech / civil with one year experience
સ્થળ : પુનિતધામ જૈન તીર્થ ગ્રામભારતી ચાર રસ્તા, પેથાપુર મહુડી રોડ

મેનેજરની પોસ્ટ માટે
શ્રી પુનિતધામ જૈન તીર્થ ગ્રામભારતી ચાર રસ્તા, પેથાપુર મહુડી રોડ,
ઉંમર : ૪૦ થી ૫૦ વર્ષ
રહેવા જમવાની સગવડ છે




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com